# આ પૃથ્વી પર એવું કોઈ સ્થાન નથી, જે તીર્થ ન હોય!

હિમાલયનાં વિરલ તીર્થો

ભાણદેવ

એક પ્રશ્ન વારંવાર પૂછવામાં આવે છેઃ આ કિન્નરો જો દેવસૃષ્ટિ છે તો આ પૃથ્વી પર કેવી રીતે વસે છે?

આ ગંધવો પણ દેવસૃષ્ટિ છે. તેઓ પણ આપણા ભારતમાં હિમાલયમાં વસે છે, કેવી રીતે ?

'શ્રીમદ્ ભાગવત' પ્રમાણે તો ચારણો પણ દેવસૃષ્ટિ છે. ચારણો પણ ભારતમાં - અરે કાઠિયાવાડમાં અરે! અમારા આશ્રમની બાજુમાં જ વસે છે, કેવી રીતે?

પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર તરત ન આપી શકાય ન આપવો જોઈએ. શાંત રહો! રાહ જુઓ! યોગ્ય સમયે બધું બની જશે!

મેં ગુરુજી પાસે વેન કર્યું છેઃ

"મારે ગંધર્વોની વસાહત જોવા જવું જ છે!"

"જી, ગુરુજી !"

આપણું કામ બની ગયું.

એવું નિર્ધારિત થયું કે અમારે બંનેએ - કુમારેપા અને આપણા રામે - ગંધર્વોના વિસ્તારમાં રખડપટ્ટી કરવા જવું, પૂહના ગોમ્પામાં સ્ત્રીઓ પણ છે, તેમણે અમારા માટે ડબ્બો ભરીને સૂકી ભોજનસામગ્રી તૈયાર કરી આપી છે.

આમ જોઈએ તો અમે કોઈ તીર્થોની યાત્રા માટે જતા નથી. આમ છતાં મારે મન હિમાલય સમગ્રતઃ એક મહાતીર્થ છે અને તદનુસાર મારે મન આ પણ એક તીર્થયાત્રા જ છે. હિમાલય જ શા માટે, મને તો સમગ્ર પૃથ્વી જ એક વિશાળ તીર્થ લાગે છે. તદનુસાર જ્યાં જાઓ ત્યાં, જ્યાં ફરો ત્યાં બધું જ હા, બધું જ એક



'શ્રીમદ્ ભાગવત' આદિ પુરાણોનાં કથન પ્રમાણે કિન્નર અને ગંધર્વ તો દેવસૃષ્ટિ છે અને અહીં તો તમે પગથી માથા સુધી માનવી છો. અહીં પૃથ્વી પર તમે કિન્નરો અને ગંધર્વો માનવી જ લાગો છો અને માનવીની જેમ જીવો છો, તો તમે કિન્નરો અને ગંધર્વો દેવસૃષ્ટિ કેવી રીતે?

મેં માત્ર વેન નથી કર્યું, વારંવાર વેન કર્યું છે અને હું કુમારેપાને ફોસલાવું છુંઃ

''કુમારેપાજી! મારા બંધુ! ચાલો ને, આપણે એક વાર આ ગંધર્વોની વસાહતમાં જઈ આવીએ!"

હું કુમારેપાને વારંવાર ફોસલાવું છું; પરંતુ કુમારેપા એમ સરળતાથી ફોસલાઈ જાય તેવા નથી પણ હું પણ એમ સરળતાથી મારી હઠ છોડી દઉં તેવો નથી. આખરે હું ગુરુજી પાસે ગયો અને ગુરુજી પાસે મેં માંડીને વાત કરીઃ

"ગુરુજી! મેં કિન્નરોનો પ્રદેશ તો પેટભરીને, મનભરીને જોયો છે. હવે આ ગંધર્વોની વસાહત પણ જોવી છે. આ ગંધર્વો તો કિન્નરોની જ એક પાંખ હોય તેવી પ્રજા છે. આપ મને અનુજ્ઞા અને આશીર્વાદ આપો - ગંધર્વોની વસાહતમાં જવા માટે!!"

ગુરુજી પ્રસન્ન થઈને અનુમતિ આપે છેઃ

"હા, બરાબર છે. વૈશાખી પૂર્ણિમાને તો હજુ એક મહિનો બાકી છે. તમારી પાસે પૂરતો સમય છે. તમે હનોલ અને તે વિસ્તારમાં જઈ આવો."

"મને એકલા ફરવામાં મુશ્કેલી પડશે."

"તો શું કરવું?"

"જો કુમારેપા મારી સાથે આવી શકે તો?"

"હા, બરાબર છે."

ગુરુજીએ હાકલ મારી.

કુમારેપા દોડતા-દોડતા આવી પહોંચ્યા અને બોલ્યાઃ "જી, ગુરુજી !"

"તમે બંને હનોલ અને તે વિસ્તારમાં ફરી આવો."

મહાતીર્થયાત્રા જ છે.

આ પૃથ્વી પર એવું કોઈ સ્થાન નથી, જે તીર્થ ન હોય! આ પૃથ્વીમાં એવી કોઈ ખાદ્યસામગ્રી નથી, જે પ્રસાદ ન હોય! અને આ પૃથ્વી પર એવો કોઈ માનવી નથી, જે વંદનીય ન હોય!

सियराममय सब जग जानी।
करहुँ प्रनाम जोरी जुग पानी॥

આમ, અમારી યાત્રા ચાલી. બે માણસો સાથે-સાથે ચાલતા હોય અને વાતો ન જ થાય તેમ બને ? હા બને. બંને મૂગાં હોય અથવા બંને મૌનવ્રતધારી હોય તો એમ બને; પરંતુ અમે મૂગાં પણ નથી અને મૌનવ્રતધારી પણ નથી. તો-તો કાંઈક-કાંઈક વાતો થાય જ! તદનુસાર વાતો ચાલે છે. પ્રારંભ તો મારે જ કરવો પડે! !

આમ તો આ વિષય પર મારે થોડી વાતો થઈ છે, તોપણ વધુ સમજવા માટે હું પૂછું છુંઃ "કુમારેપાજી, શ્રીમદ્ ભાગવત' આદિ પુરાણોનાં કથન પ્રમાણે કિન્નર અને ગંધર્વ તો દેવસૃષ્ટિ છે અને અહીં તો તમે પગથી માથા સુધી માનવી છો. અહીં પૃથ્વી પર તમે કિન્નરો અને ગંધર્વો માનવી જ લાગો છો અને માનવીની જેમ જીવો છો, તો તમે કિન્નરો અને ગંધર્વો દેવસૃષ્ટિ કેવી રીતે? અને તમે દેવસૃષ્ટિ છો, તો અહીં પૃથ્વી પર રહીને માનવીની જેમ જીવો છો શા માટે?" કુમારેપાને સ્થાને બીજા કોઈ કિન્નર મહાનુભાવ હોત તો-તો તેઓ બિચારા જરૂર મૂંઝાઈ જાત; પરંતુ આ બીજા કોઈ મહાનુભાવ નથી, આ તો કુમારેપા છે અને મૂંઝાઈ જાય તો આ કુમારેપા શાના?

(ક્રમશઃ)

# અષાઢી બીજથી પ્રારંભાય છે તહેવારોની શૃંખલા

સંસ્કૃતિ દર્શન

સનત દવે



આપણો દેશ ઉત્સવપ્રિય લોકોનો દેશ છે. આખા વર્ષ દરમ્યાન ધાર્મિક, આધ્યાત્મિક અને રાષ્ટ્રીય તહેવારો, વ્રત, અનુષ્ઠાનો, ઉત્સવો અને વૈવિધ્યસભર ઉજવણી તારીખો અને તિથિ મુજબ આવ્યા જ કરતા હોય છે. ભાતીગળ લોકોના ભાતભાતના અને રંગરંગીન તહેવારોની ઉજવણી માણસને યંત્રવત જીવનમાં સ્હેજ બ્રેક મારી માનસિક રીતે આનંદીત કરતી હોય છે. તો નવા જનરેશનને ધર્મ-પ્રત્યેની રૂચિ વધારવાનું પણ પરોક્ષ રીતે કાર્ય થતું હોય છે. જો કે એમ પણ આપણા તહેવારો ધાર્મિકતાની સાથે આનંદસભર અને બાળ, યુવા, પ્રૌઢો સહુ કોઈને મન પ્રફુલ્લિત કરનારા હોય છે. બે-ત્રણ દિવસ પછીના ગુરુવારથી અષાઢ માસનો પ્રારંભ થઈ રહ્યો છે મતલબ કે પ્રિય તહેવારોની શૃંખલાનો પ્રારંભ થઈ રહ્યો છે.

અષાઢ માસના પ્રારંભ સાથે અષાઢી બીજનો પવિત્ર, પાવનકારી દિવસ આવે છે. વસંતપંચમી, અખાત્રીજ અને અષાઢી બીજ એ ત્રણ તિથિ એવી પવિત્ર મનાય છે કે કોઈ પણ શુભ કાર્ય, શુભ ખરીદી માટે મુહૂર્ત જોવા નથી પડતા. શુક્રવારે અષાઢી બીજ છે. જગન્નાથપુરી, અમદાવાદ સહિત અનેક સ્થળોએ જગન્નાથજીની રથયાત્રા નીકળશે, ગુજરાત સૌરાષ્ટ્રમાં કૃષ્ણ મદિરોમાં પૂજા, યજ્ઞો, અનુષ્ઠાન સાથેના વિવિધ કાર્યક્રમો યોજાશે. કેટલાક સ્થળે ભોજન-ભંડારા સાથે મેળાઓના આયોજન પણ થશે. આ મહિનામાં આવતી દેવશયની અગિયારસનું મહત્ત્વ પણ અધિકાધિક છે. કુંવારકાઓનું પાંચ દિવસનું મોળાકત વ્રત અને સૌભાગ્યવતી સ્ત્રીઓનું જયા પાર્વતી વ્રત પણ અષાઢ મહિનામાં જ આવે છે. વેદ-વ્યાસજીની જન્મજયંતી નિમિત્તે ઉજવાતી વ્યાસપૂર્ણિમા એ ગુરુપૂર્ણિમા તરીકે દેશભરમાં ઉજવાતો ઉત્સવ છે. તો અષાઢ વદ એકમથી હિંડોળા મહોત્સવ પ્રારંભ થાય છે તે શ્રાવણ વદ એકમ સુધી કૃષ્ણ મંદિરો, વૈષ્ણવ હવેલીઓ અને સ્વામીનારાયણ સંપ્રદાયનાં મંદિરોમાં દર્શનીય રહેશે. દરેક મંદિરોમાં તિથિ મુજબ હિંડોળાદર્શન ખૂબ મનભાવક હોય છે. અષાઢ માસના તહેવારો બાદ શ્રાવણ માસના રક્ષાબંધન, જન્માષ્ટમી સાથે અનેક તહેવારોની શૃંખલા જોડાશે. પછી તો ગણેશોત્સવ, શ્રાદ્ધપક્ષ, નવરાત્રિથી દિપોત્સવના મનભાવન રંગરંગીન તહેવારો સાથે છેક દેવ ઉઠી અગિયારસ સુધી ઉત્સવોની વણઝાર ચાલશે. પ્રાસંગિક અષાઢી બીજના તહેવારના મુખ્ય વિષયનો દોર સાંધતા આગળ વધીએ.

અષાઢી બીજની તિથિ તા.26મીથી પ્રારંભાય છે. જે તા. 27મી સુધીની હશે પણ ઉદયતિથિ તા.27મી હોવાથી તા.27મીને શુક્રવારે અષાઢી બીજની ઉજવણી થશે. જગન્નાથપુરીની રથયાત્રા પુરાતન કાળથી ચાલી આવતી પરંપરા છે. એક માન્યતાનુસાર 5000 વર્ષ પહેલાં કળીયુગના પ્રારંભે ઈન્દ્રદ્યુમ્ન નામના રાજવી દ્વારા જગન્નાથજી ભગવાનને નગરયાત્રાએ લઈ જવાના ઉદ્દેશ્યથી રથયાત્રાનો પ્રારંભ થયેલો. કાળક્રમે હજારો વર્ષ પછી ઈસુની 12મી શતાબ્દી પહેલા પૂર્વીગંગ રાજવંશના રાજા અનંતવર્ઝન ચોડગંગ દેવ દ્વારા જગન્નાથજીના ભવ્ય મંદિરનું નિર્માણ થયેલું. લગભગ સાડા આઠસો વર્ષથી આજે પણ સ્થાપત્યની સાક્ષી આપતું અનેક ચમત્કારિક તથ્યો સાથે અડીખમ દર્શનીય છે. 9 એકર જગ્યામાં નિર્માણ પામેલ પુરીના આ મંદિરની પરિસર 19 એકરમાં ફેલાયેલું છે. બે વર્ષ પહેલાં મંદિરને કે અસલ મૂળ સ્થાપત્યને સ્પર્શ્યા



વગર સરકારે સગવડદાયી રૂ.3200 કરોડના ખર્ચે કોરીડોર બનાવ્યું છે જેથી દર્શનાર્થીઓ ખૂબ સરળતાથી ભગવાન જગન્નાથજીના દર્શન કરી શકે. અહીં સતત દર્શનાર્થીઓની ભીડ રહે છે. ભાવિકો માટે બંને ટાઈમ ભોજન પ્રસાદનો પણ પ્રબંધ છે. રથયાત્રાના દિવસે અંદાજીત દસથી પંદર લાખ ભાવિકોની ભીડ જામે છે.

જગન્નાથપુરીની રથયાત્રામાં જોડાતા ત્રણે ય રથ દર વર્ષે ખાસ પ્રકારના લાકડામાંથી નવા બનાવવામાં આવે છે. નવા રથ બનાવવાનું નિર્માણ વૈશાખ સુદ-ત્રીજથી વિધિવત પ્રારંભાય છે. ભગવાન જગન્નાથજીનો રથ 832 જેટલા લાકડાના ટુકડાઓમાંથી બને છે જે 16 પૈંડાંનો 42.65 ફૂટ ઊંચો હોય છે. જગન્નાથજીના આ રથનું નામ નંદીઘોષ છે જે ગરૂડધ્વજ નામે પણ ઓળખાય છે. જગન્નાથજીના રથમાં લાલ-પીળા રંગનો ઉપયોગ થાય છે. આ રથના સારથિ દ્વારકાજી છે. બળદેવજીના રથનું નામ તાલધ્વજ હોય છે. જેની ઊંચાઈ સૌથી વધુ એટલે કે 43.30 ફૂટની હોય છે. તેના રથમાં લાલ અને ભૂરો રંગ વપરાય છે. 14 પૈંડાંના આ રથના સારથિ મતાલી છે. સુભદ્રાજીના રથની ઊંચાઈ 42.32 ફૂટની હોય છે. 12 પૈંડાંના આ રથમાં લાલ અને શ્યામ રંગનો ઉપયોગ થતો હોય છે. સુભદ્રાજીના રથનું નામ દર્પદલન અને સારથિનું નામ અર્જુન હોય છે.

ગુજરાતમાં પણ લગભગ બધાં જ મોટાં શહેરોમાં નીકળતી અષાઢી બીજની રથયાત્રામાં સૌથી જૂની, સૌથી મોટી અને અધિક મહત્ત્વતા ધરાવતી અમદાવાદની જમાલપુરના જગન્નાથજી મંદિરની રથયાત્રા છે. ઈ.સ. 1878માં પ્રારંભ થયેલ અમદાવાદની આ 148મી રથયાત્રા આ વખતે 72 વર્ષ પછી નવા બનાવાયેલ રથમાં નીકળશે. જમાલપુરનું જગન્નાથજીનું મંદિર 400 વર્ષ પ્રાચીન ગણાય છે. અહીં રાજ્યના મુખ્યમંત્રી સોનાના સાવરણાથી સફાઈ કરી રથયાત્રાનો પ્રારંભ કરાવે છે. જે લગભગ 16 કિ.મી.નું અંતર કાપી ઢોલ-નગારા, બેન્ડવાજા અને હાથી, ઘોડા સાથે અનેક અખાડાઓના ટ્રક સાથે ભગવાનનું મોસાળ ગણાતા સરસપુર ખાતે પહોંચે છે ત્યાં સમગ્ર યાત્રીઓને ભોજન-વિશ્રામ પછી રથયાત્રા નિજમંદિરે પરત ફરે છે. જો કે અમદાવાદમાં જ મોટી રથયાત્રા સિવાય અન્ય છ થી સાત સ્થળે પણ નાની રથયાત્રાનું આયોજન કરાય છે. જેમાં અમદાવાદ પશ્ચિમના ઈસ્કોન મંદિરેથી એક રથયાત્રા નીકળે છે તો મેમનગર ગુરુકુળની ઉપરાંત ભાડજ હરેકૃષ્ણ મંદિરના પ્રાંગણમાં તથા કટવાડાના ઈસ્કોન મંદિરની યાત્રા મહેમદાબાદની સિદ્ધિ વિનાયક મંદિરની રથયાત્રા તથા અન્ટ એક ઘાટલોડિયાના ત્રિપદા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ રથયાત્રાનું આયોજન થતું રહ્યું છે.

એ મુજબ સુરતમાં પણ વિવિધ જગ્યાએથી રથયાત્રા નીકળે છે. જહાંગીરપુરા ઈસ્કોન મંદિરની રથયાત્રા 15 કિ.મી. જેટલી હોય છે તો

> **જગન્નાથપુરીની રથયાત્રા પુરાતન કાળથી ચાલી આવતી પરંપરા છે. એક માન્યતાનુસાર 5000 વર્ષ પહેલાં કળીયુગના પ્રારંભે ઇન્દ્રધુમ્ન નામના રાજવી દ્વારા જગન્નાથજી ભગવાનને નગરયાત્રાએ લઇ જવાના ઉદ્દેશથી રથયાત્રાનો પ્રારંભ થયેલો**

અમરોલીના લંકાવિજય હનુમાનની રથયાત્રા 47 વર્ષથી નીકળે છે. ઉપરાંત પાંડેસરા અને સચિન વિસ્તારમાં રથયાત્રાની પરંપરા જળવાઈ રહી છે.

અષાઢી બીજ ગુજરાતના કચ્છ વિસ્તારના કચ્છીઓ માટે નૂતન વર્ષની ઉજવણીનો ઉત્સવ છે. ઈ.સ.1605માં જામ લાખો ફૂલાણી બહારવટુ કરીને કચ્છ પરત ફર્યા ત્યારે અષાઢી માહોલમાં વરસાદી હેલીથી ચોમેર લીલોતરીથી ખુશ થઈ અષાઢ માસની અષાઢી બીજના દિવસને નવા વર્ષના પ્રારંભનો દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી હતી જે આજ પર્યંત કચ્છીઓના નૂતન વર્ષના દિવસ તરીકે ઉજવાય છે.

સૌરાષ્ટ્રમાં પણ અષાઢી બીજે લોકો નવાં પરિધાન ધારણ કરીને વડીલોને પગે લાગી આશીર્વાદ પ્રાપ્ત કરે છે. આડોશ-પાડોશમાં કે સગા-સંબંધીઓને ત્યાં અષાઢી બીજના રામ-રામ કરી શુભેચ્છાઓ પાઠવે છે. આજે પણ ઘણા બધા પરિવારોમાં પરંપરા જળવાયેલી છે. ખાસ કરીને મંદિરોમાં આજના દિવસે પૂજા, અર્ચના, યજ્ઞો, અનુષ્ઠાન, ભોજન-ભંડારા, ધૂન-ભજન, સત્સંગ અને ડાયરા જેવાં આયોજનો થતાં હોય છે. અમર દેવીદાસ અને સંત દેવીદાસની જગ્યા તરીકે પ્રખ્યાત જુનાગઢ જિલ્લાના પરબધામ ખાતે અષાઢીબીજનો મોટો મેળો ભરાય છે. બે દિવસ જાણીતા ગાયકો દ્વારા સંતવાણીની રમઝટ જામતી હોય છે. મેળામાં આવતા અને પરબધામના દર્શને આવતા ભાવિકોને ભોજન પ્રસાદની અહીંની વ્યવસ્થા અદ્દભૂત હોય છે. અમરેલી જીલ્લાના ખાંભા પાસેના ખોબા જેવડા ડેડાણ ખાતે આવેલ અમરધામ આશ્રમ નામની જગ્યા છે. અષાઢી બીજે અહીં 15 થી 20 હજાર ભાવિકો દર્શને આવે છે અને સત્સંગ, ધૂન-ભજન સાથે ભોજન પ્રસાદનો લાભ મેળવે છે. આવી જ એક જગ્યા જુનાગઢના મજેવડી ગામમાં દેવતણખી ધામ તરીકે વિખ્યાત છે. લુહાર ભગત દેવતણખી બાપા અને તેની દીકરી લીરલ દેવીએ અષાઢીબીજના દિવસે અહીં સમાધી લીધી હતી તેથી આ દિવસે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં અહીં દર્શને આવે છે. રાજકોટ જિલ્લાના ધોરાજી પાસેના તોરણીયા ગામે નકલંક ધામ નામનું વિશાળ મંદિર આવેલું છે. અહીં દર્શનાર્થીઓને નિઃશુલ્ક રહેવાજમવાની સગવડદાયી વ્યવસ્થા છે. વરસની 12 બીજ ભરવા લોકો અહીં આવે છે એમાં પણ અષાઢી બીજનું ધાર્મિક મહત્ત્વ હોવાથી મેળા જેવો માહોલ હોય છે. સૌરાષ્ટ્રનાં આ બધાં જ મંદિરોમાં એક નિઃશુલ્ક ભોજન અને રહેવાની પરંપરા જળવાઈ રહી છે. એટલે જુનાગઢ-વીરપુર બાજુ જાઓ તો આ તીર્થધામોએ પણ માથું ટેકવવા જરૂર જજો.

|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૧૮

# પૃથ્વીપતિ વિષ્ણુ દ્વારા ભગવતી જગદંબાની આરાધના

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

દેવોની સભામાં થયેલા ઠરાવ અને અપાયેલા આદેશ પ્રમાણે સર્વ દેવતાઓ પોતપોતાના અંશોથી પૃથ્વી પર અવતરવા માંડ્યા. સાથે જ પૃથ્વીપતિ ભગવાન શ્રીવિષ્ણુને અવતાર લેવાની વિનંતી કરતા તેઓ તૈયાર થયા અને કહ્યું કે, "હું પૃથ્વી પર અવશ્ય અવતરણ કરીશ અને પરમપુરુષ (ગોલોકપતિ વિષ્ણુ)ને પણ વિજ્ઞપ્તિ કરીશ પરંતુ આ સંબંધમાં હું સ્વતંત્ર નથી. હું એકલો જ નહિ પરંતુ બ્રહ્મા, શંકર, ઈન્દ્ર, અગ્નિ, યમ, ત્વષ્ટા, સૂર્ય અને વરુણ બધા જ પરતંત્ર છીએ કારણ કે ચરાચર સંપૂર્ણ જગત 'પરમપુરુષની શક્તિ'ને આધીન છે, કે જેને ઘણા 'યોગમાયા' (યોગ એટલે જોડાણ અને યોગમાયા એટલે પરમાત્મા સાથે જોડાયેલી શક્તિ) તરીકે પણ ઓળખે છે, તેને વશ છે. તે યોગમાયા જે કાર્ય કરવા ઈચ્છે, તે કાર્યમાં અમે બધા તેમના સહયોગી બનીએ છીએ. બધા પર તેમની સંપૂર્ણ સત્તા છે."

"અમારા પર આ માયાનું એટલું ઊંડું આવરણ છે કે અમે સામાન્ય સંજોગોમાં પરમપુરુષ પરમાત્માનું ધ્યાન પણ કરી શકતા નથી. તે પરમપુરુષ શાંત અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તે શાશ્વત છે. તેમની શક્તિ અદભુત છે. 'કલ્પ'ના આરંભે મેં, બ્રહ્માજી અને શંકરે, ક્ષીરસાગરમાં અને ત્યાર બાદ મણિદ્વીપમાં તે શક્તિના દર્શન કર્યા છે. એ જ અદભુત શક્તિ પરમાત્માની અંતરંગ શક્તિ છે કે જે બધાની પ્રેરક છે માટે આપણા કાર્યની સફળતા માટે આપણે સહુ પ્રથમ તે પરમ શક્તિની આરાધના અને ચિંતન કરીએ કારણ કે પરમાત્મા નિર્ગુણ હોવાથી તેમની શક્તિ વગર આ કાર્ય શક્ય જ નથી."

શ્રી વિષ્ણુભગવાનની વાત સાંભળીને બધા દેવતાઓ યોગમાયા ભગવતી ભુવનેશ્વરીનું ધ્યાન કરવા માંડ્યા. એકાગ્ર ચિત્તથી ધ્યાન અને સ્મરણ કરતા જ સાક્ષાત ભગવતી પ્રગટ થયા. તેમના શ્રી હસ્ત પાશ, અંકુશ વગેરે આયુધો અને અભયમુદ્રાથી શોભતા હતા. તેમનો શ્રીવિગ્રહ રતુંબડો અને અદભુત હતો. તેમના દર્શન કરી દેવતાઓ આનંદવિભોર થઈ ગયા અને તેમની સ્તુતિ કરવા માંડ્યા. સ્થાવર, જંગમ સર્વ જગત જેમનાથી રચાયું છે તે ચૈતન્યરૂપ ભગવતીની સ્તુતિમાં મુખ્ય રૂપે તેમણે કહ્યું, ''હે માતા આપને નમસ્કાર છે. પૃથ્વીનો ભાર ઉતારવાના કલ્યાણ કાર્યમાં આપ અમારા સહભાગી બનો કારણ કે દૈત્યો ખૂબ બળવાન છે. આપ દૈત્યોનો સંહાર કરી પૃથ્વીનો ભાર ઉતારો. આપની શક્તિથી વંચિત રહેવાથી વિષ્ણુ અને શંકર વગેરે દેવતાઓ હાલીચાલી પણ શકતા નથી. શેષનાગ પણ આપની શક્તિ વિના પૃથ્વીને ધારણ કરવા સમર્થ નથી. આપના અંશરૂપ સરસ્વતીજી વગર બ્રહ્માજી વિશ્વની રચના કરવામાં, લક્ષ્મીજી વગર વિષ્ણુ જગતનું રક્ષણ કરવામાં અને ઉમા વગર શંકર સંસારનો સંહાર કરવા સમર્થ નથી. જયારે આપની આ તમામ શક્તિઓનો સહયોગ તેમને પ્રાપ્ત થાય છે ત્યારે જ તેઓ પોતાનું કાર્ય સંપન્ન કરવા માટે સમર્થ બને છે."

જયારે કલ્યાણમયી 'મા ભગવતી જગદંબા'ને તમામ દેવોએ આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે તેમણે ખાત્રી આપી કે "હું પરમપુરુષ પરમાત્મા સાથે અવતરણ કરીશ અને હંમેશાં તેમની શક્તિ તરીકે રહીશ. બધું કામ મારી શક્તિથી સંપન્ન થશે. હવે આપ બધા દેવતા અવતરણ કરવાની તૈયારી કરો. મારે અને પરમપુરુષે કયા દેશમાં કોના ઘરે અવતરવું, કયો વેષ ધારણ કરવો અને કયા દેવે પોતાના આગલા જન્મોના અનુસંધાનમાં ક્યાં જન્મ લેવો તે સલાહ પૃથ્વીના રચયિતા બ્રહ્માજીને સોંપું છું". પરમબ્રહ્મની યોગમાયા આ પ્રમાણે કહી અંતર્ધ્યાન થઈ ગયાં. જયારે યોગમાયા અંતર્ધ્યાન થયા ત્યારે બ્રહ્માજીએ શ્રીવિષ્ણુને ખુલાસાથી પોતાનું આયોજન સમજાવ્યું કે, "કશ્યપમુનિ, કે જે વામન અવતારમાં આપના પિતા થયા હતા, તે હાલમાં કોઈ શ્રાપના ભોગ બનીને મનુષ્યયોનિમાં અવતરી, 'વસુદેવ' યાદવના નામે ઓળખાય છે. વામન અવતારની જેમ આ વખતે પણ તેમના ઘરે આપે અવતાર લેવો જોઈએ. ગોકુળનો અધિપતિ 'નંદ' કે જે આપના ભક્ત 'દ્રોણ' નામના 'વસુ'નો અવતાર છે, તેના ઘરે આપે ગુપ્ત રીતે રહીને પછી જાહેર થવું, જેથી આપણું કાર્ય સરળતાથી પાર પડી શકે. વસુદેવની 'દેવકી' અને 'રોહિણી'



નામની જે સ્ત્રીઓ છે તેઓ કશ્યપમુનિની જ 'અદિતિ' અને 'સુરભિ' નામની સ્ત્રીઓનો અવતાર છે એટલે તેઓ પણ આપની માતાઓ જ છે. દ્રોણ નામના વસુની જે 'ધરા' નામે સ્ત્રી હતી, તે આ જન્મમાં નંદની 'યશોદા' નામની સ્ત્રી છે. એ દ્રોણ અને ધરાએ આગલા જન્મમાં આપના તરફ ખૂબ પ્રેમભાવ રાખ્યો છે માટે આપે ગોકુળમાં રહી તેઓને

> **હે માતા, આપ દૈત્યોનો સંહાર કરી પૃથ્વીનો ભાર ઉતારો. આપની શક્તિથી વંચિત રહેવાથી વિષ્ણુ અને શંકર વગેરે દેવતાઓ હાલીચાલી પણ શકતા નથી. શેષનાગ પણ આપની શક્તિ વિના પૃથ્વીને ધારણ કરવા સમર્થ નથી. આપના અંશરૂપ સરસ્વતીજી વગર બ્રહ્માજી વિશ્વની રચના કરવામાં, લક્ષ્મીજી વગર વિષ્ણુ જગતનું રક્ષણ કરવામાં અને ઉમા વગર શંકર સંસારનો સંહાર કરવા સમર્થ નથી**

પુત્રભાવથી સુખ આપવું યોગ્ય છે. શેષનાગના અંશરૂપ બળદેવજી પણ આપની સાથે જ જન્મ લેશે. વેદની ઋચાઓ ગોપીઓ બનશે. નારાયણ તરીકે (એટલે કે અગાઉ સમજ્યા તેમ નારાયણઋષિના દેહનો ઉપયોગ કરીને) આપ 'શ્રીકૃષ્ણ' કહેવાશો અને નર તરીકે આપની સાથે 'અર્જુન' જન્મ લેશે. (આ હકીકત અગાઉ પૂર્ણ અવતારના લેખમાં સમજ્યા હતા) આપ અવતાર લઈ વૃન્દાવનમાં પીળાં વસ્ત્રો તેમજ વનમાળા ધારણ કરી ગાયોને ચરાવવાની પ્રવૃત્તિ કરશો, મુરલીનો નાદ કરશો, ગોવાળનાં બાળકો સાથે યમુનાના કિનારે વિહાર કરશો અને તે વખતે માત્ર ભાગ્યશાળી લોકો જ આપના સ્વરૂપને જાણી શકશે અને જીવન સફળ કરી શકશે."

આ બધા આયોજન પછી પૃથ્વીપતિ વિષ્ણુ ભગવાન પોતાના વિનોદગૃહમાં આવી મનુષ્યલોકમાં કરવાની સઘળી લીલાઓનો અનુક્રમ ગોઠવવા માંડ્યા.

(ક્રમશઃ)